# ભાવનગર ધી એમ્પલોઈઝ કોમ્પેનસેશન એકટ–૧૯૨૩ અન્વયેના કમિશનરશ્રી બી.કે.રાવલ સાહેબ સમક્ષ

**કામદાર વળતર(નોનફેટલ)અરજી નં.૨૬/૨૦૦૨**
**આંક : ૧૩**

**અરજદારઃ** દુધનાથપ્રસાદ કાશીનાથપ્રસાદ,
ઠે. બીરપુર, વાયા. ભવરકોલ,
જિ. ગાઝીપુર, ઉતરપ્રદેશ

**:: વિરુધ્ધ ::**

**સામાવાળા :** એસ.એસ.જૈન એન્ડ કાું. (બોમ્બે) તે
તેમજ તેમના વતી વહીવટકર્તા મુખ્ય અધિકારીશ્રી,
ઠે. પ્લોટ નં. ૯ , અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ,
અલંગ,તા. તળાજા, જિ. ભાવનગર.

**વિષય :** કામદાર વળતર અધિનિયમની કલમ–૧૯૨૩ હેઠળ વળતર મેળવવાની અરજી

**હાજરરહયાઃ** અરજદાર તરફે :– વિ. વકીલ શ્રી વી.જી.સંઘવી
સામાવાળાઓ તરફે :– ગેરહાજર

**:: હુકમ ::**

**(૧)** સદર અરજી આ કામના અરજદારે કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારો–૧૯૨૩(જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે) થી ઓળખાય છે તેની જોગવાઈઓ હેઠળ દાખલ કરી તેઓને થયેલ અકસ્માત ઈજાના વળતરની કાયદેસરની કાયદા મુજબની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) ૧૮% ના ચડત વ્યાજ સહિત તથા ૫૦% પેનલ્ટી સહિત મેળવવા માટે દાદ માંગેલી છે.

(૨) કેસના પ્રોસીડીંગ્ઝ અન્વયે સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ કેસ માં તા. ૧૩/૦૭/૨૦૦૫ ના રોજ મુદૃા કાઢવામાં આવેલ છે અને કેસ અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે પરંતુ આ કામે અરજદારને વારંવાર યોગ્ય તક આપવા છતાં અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી કે તેઓના કોઈ પુરાવા રજુ કરેલ નથી.

આજરોજ પોકાર કરવા છતાં અરજદાર હાજર નથી કે અરજદાર કોઈ પુરાવો રજુ કરતા ન હોય, જેથી અરજદારને સદરહુ કેસ ચલાવવામાં કોઈ રસ ન હોવાનુ રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદારના પુરાવાના અભાવે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

તા.૦૪/૦૭/૨૦૧૮.
સ્થળ : ભાવનગર.

(બી.કે.રાવલ)
કોડ નં.GJ01255
કમીશનર
કર્મચારી વળતર ધારો
શ્રમ અદાલત નં. ૨ ભાવનગર.

(એમ.વી.પોપટ)